# અરવલ્લીના આયુર્વેદિક દવાખાના બિસ્માર હાલતમાં : દર્દીઓ પરેશાન

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લાના સરકારી આર્યુવેદિક હાલતમાં પડ્યું છે. આયુર્વેદિક દવાખાનાના બિલ્ડીંગમાં કોઈપણ જાતની સગવડ કે સુવિધા નથી જેથી બિમાર દર્દીઓ ક્યાં જાય તે પ્રશ્ન સતત દર્દીઓને સતાવી રહ્યો છે. ના છૂટકે સુવિધાના અભાવે દર્દીઓને સારવાર અર્થે બહાર જવુ પડે છે. ગઠા ગામના આયુર્વેદિક દવાખાનાના કંપાઉન્ડર જાતે જ બિમાર છે. અને ડૉક્ટર અનિયમિત આવે છે. પરિણામે આ દવાખાનુ સુમસાન બન્યુ છે અને બીજી બાજુ દવાખાનામાં



દવાખાનાની હાલત બિસ્માર બની છે. મોટાભાગના આયુર્વેદિક દવાખાના જાતે જ બિમાર છે તો પછી બિમાર દર્દીઓ કોની પાસે પોતાનો ઈલાજ કરાવશે તે મુદ્દો હાલ ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

સરકારે આયુર્વેદિકને મહત્વ આપવા માટે દરેક જિલ્લામાં આયુર્વેદિક દવાખાના શરૂ કર્યા છે.



(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, મોડાસા)

જે પૈકી અરવલ્લી જિલ્લામાં મોડાસા તેમજ ધનસુરામાં પણ આ દવાખાના શરૂ કરવામાં આવ્યા હતા ત્યારે હાલ મોડાસા તાલુકાના ગઠા ગામે સ્થિત આયુર્વેદિક દવાખાનુ જાતે જ બિમારીમાં સપડાયુ હોય તેવી દવાખાનાના જ કંપાઉન્ડરે વસવાટ શરૂ કર્યો છે. ત્યારે આ ગામની પ્રજાની માંગ છે કે આ દવાખાનાનો કંપાઉન્ડર બદલવામાં આવે અને દવાખાનામાં સારી સગવડો આપવામાં આવે.

# બનાસડેરીને સી.આઈ.આઈ. નેશનલ ફૂડ સેફ્ટી એવોર્ડ-૨૦૧૪ એનાયત

પાલનપુર, તા. ૬

બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પાલનપુર જે બનાસડેરી - 'વેરાન ભૂમિની વીરડી' નામથી જાણીતી તેમજ દેશની સૌથી મોટી સહકારી ડેરી છે, જે દૈનિક ૩૭ લાખ લીટરથી વધુ દૂધ 'અમુલ ધ ટેસ્ટ ઓફ ઈન્ડિયા'ના માળખા હેઠળ સંપાદન કરી રહી છે તેમજ ડેરી સાથે કુલ આશરે ૩.૫ લાખ કરતાં વધુ દૂધ ઉત્પાદકોના પરિવાર જોડાયેલા છે, ડેરી ક્ષેત્રે શ્રેષ્ઠ ઉત્પાદન બદલ 'મોટા પાયે ખાદ્ય પદાર્થ ઉત્પાદન શ્રેણી'માં ફૂડ સેફ્ટી માટે 'સીઆઈઆઈ નેશનલ ફૂડ સેફ્ટી એવોર્ડ૨-૨૦૧૪' પ્રાપ્ત કરેલ છે.

સદર એવોર્ડ-પુરસ્કાર અને પ્રશસ્તિપત્ર એફ. એસ. એસ. એ. આઈ.ના ચેરમેન (આઈ.એ.એસ.) શ્રી કે.ચંદ્રમૌલી, એફ.એ.ઓ.ના ભારતીય પ્રતિનિધિ ડૉ. કેવિન ડી. ગાલાઘેર અને રસના ઈન્ટરનેશનલના ચેરમેન તથા મેનેજીંગ ડીરેક્ટર શ્રી પીરુઝ ખંભાતાના વરદ હસ્તે બનાસડેરીના ચેરમેન શ્રી પરથીભાઈ ભટોળ તથા મેનેજીંગ ડીરેક્ટર શ્રી સંજય કરમચંદાનીએ ૯મી રાષ્ટ્રીય ફૂડ સેફ્ટી અને ક્વોલીટી સમિટ, ન્યુ દિલ્હી ખાતે તા. ૨-૧૨-૧૪ના રોજ મેળવેલ હતો. સદર સમિટમાં આ ક્ષેત્રની રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય હસ્તિઓ પણ હાજર હતી.

સદર એવોર્ડ સી. આઈ. આઈ. - કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝ દ્વારા આંતરરાષ્ટ્રીય પ્રણાલી-ફૂડ સેફ્ટીની શ્રેષ્ઠ પ્રક્રિયાઓના અમલીકરણ બદલ એનાયત કરવામાં આવ્યો હતો.

ઉપરાંત, સદર એવોર્ડ માટેના મૂલ્યાંકન માટે, ખાદ્ય સુરક્ષા પદ્ધતિ માટેના વૈશ્વિક ધારાધોરણો અને દેશના નિયમનો તથા સામાજીક ઉત્તરદાયિત્વ નિભાવણી અને સંસ્થાકીય બદલાવ માટેની નવીન પદ્ધતિઓ જેવી કે ટી.ક્યુ.એમ. (ટોટલ ક્વોલીટી મેનેજમેન્ટ) વગેરે બાબતોનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

# પાલનપુરમાં રાષ્ટ્રીય લોક અદાલતનો પ્રારંભ

પાલનપુર, તા.૬

સમગ્ર દેશભરમાં આજે તા. ૬ ટ્ટી ડિસેમ્બરના રોજ રાષ્ટ્રિય લોક



અદાલત યોજાઇ હતી. જેમાં તાલુકા કક્ષાથી માંડીને રાષ્ટ્રિય કક્ષા સુધી લોક અદાલત યોજાઇ છે. જે અંતર્ગત બનાસકાંઠા જીલ્લાના પાલનપુર મુકામે જીલ્લા અદાલતના કોન્ફરન્સ હોલમાં લોક અદાલતના -ારંભ -સંગે િ-ન્સીપાલ જજશ્રી ડો. એ.ડી. દેસાઈના અધ્યક્ષસ્થાને એક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ડો. જોષીએ -ાસંગીક -વચન કરતાં જણાવ્યું હતું કે દેશભરમાં સૌથી પહેલી લોક અદાલત ગુજરાતમાં યોજાઇ હતી.જેને ખુબ સરસ -તિભાવ અને ે-રણા મળતાં હવે દેશભરમાં લોક અદાલત યોજાય છે. તેમણે કહયું કે પક્ષકારોને ઝડપી અને સંતોષકારક ન્યાય મળે તથા નાણાં અને સમયનો વ્યય અટકે તે માટે કાનુની સેવા સત્તામંડળ અને સંબંધીત અદાલતો દ્વારા પુરતા -યાસો કરવામાં આવે છે. જેને ખુબ સારી સફળતા પણ મળે છે. તેમણે કહયું કે આમાં સમાધાન થયેલ કેસોમાં અપીલ થઈ શકતી નથી તે મોટો ફાયદો છે.

બનાસકાંઠા કલેકટર દીલીપ રાણાએ આ -સંગે જણાવ્યું હતું કે લોક અદાલતનો અભિગમ પક્ષકારો માટે બહુ ઉપયોગી અને લાભદાયી નિવડે છે. તેનાથી પક્ષકારોનાં નાણાં અને સમયનો બગાડ અટકી ઝડપી અને સંતોષકારક ન્યાય મળે છે. કલેકટરશ્રીએ કહયું કે જમીન સંપાદનના,વળતરના અને અન્ય બીજા કેસોમાં પણ લોક અદાલત દ્વારા સમાધાન થાય તેવા -યાસો કરીશું. રાષ્ટ્રિય લોક અદાલતને ખુબ સારી સફળતા માટે કલેકટરશ્રીએ શુભેચ્છા પાઠવી હતી.

આ લોક અદાલતમાં બનાસકાંઠા જિલ્લામાં ફોજદારીના ૧૨૭૦, એકસીડેન્ટ કલેઈમના ૮૫૦, દીવાની ૫૦૦, જમીન વળતરના ૨૬૩, િ-. લીટીગેશનના ૫૧૦, ભરણપોષણના ૧૯૮ અને અન્ય ૩૮ કેસો મળી કૂલ ૩૬૨૯ કેસો દાખલ કરવામાં આવ્યા છે.

આ -સંગે એડીશનલ સેશન્સ જજશ્રી સિંઘલ,સર્વે જજશ્રીઓ, જીલ્લા કાનુની સેવા સત્તામંડળના સેક્રેટરી અને ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કુ.એમ.બી.ડાંગ, જીલ્લા સરકારી વકીલ સી.જી.રાજપુત, બાર કાઉન્સલ ઓફ ગુજરાતના વાઈસ ચેરમેન વાય. એલ. બચાણી, બાર એસોસીએશનના -મુખ જે. આર. ગઢવી, તથા એડવોકેટશ્રીઓ ઉપસ્થીત રહયા હતા.

# ખેડબ્રહ્મા ધારાસભ્યએ ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલની મુલાકાત લીધી



ખેડબ્રહ્મા, તા. ૬

સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિન કોટવાલે શનિવારે ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી.

મુલાકાતમાં ધારાસભ્યએ હોસ્પિટલમાં તાલુકાના દર્દીઓ જોડે ચર્ચા કરી તેમને મળતી સુવિધાઓની માહિતી મેળવી હતી અને હોસ્પિટલની સ્વચ્છતા અને સુવિધાઓનું મુલ્યાંકન કરી સંતોષ વ્યક્ત કર્યો હતો. ઉપરાંત નવીન બતાવેલ ૧૫૦ બેડ ધરાવતુ હોસ્પિટલ બિલ્ડીંગનું સત્વરે ઉદ્દ્ઘાટન કરી પ્રજા ઉપયોગી થાય તે માટે સરકારમાં રજૂઆત કરવાનું પણ જણાવ્યું હતું. દર્દીઓને ખાનગી દવાખાના કરતા સરકારી દવાખાનામાં સારી સવલતો મળતી હોય તેનો ઉપયોગ કરવા જણાવ્યુ હતું. ખેડબ્રહ્મા હોસ્પિટલના ડૉ. ઔદિચ્ય અને ગાયનેક ડૉ. અશ્વિન ગઢવી દ્વારા હોસ્પિટલને શબવાહિની અને બાળરોગ નિષ્ણાંતની જરૂરીયાત પુરી કરી આપવા રજૂઆત કરી હતી.

# પ્રાથમિક શાળામાં બાયોમેટ્રીક ફરજિયાત બનાવ્યુ તો આશ્રમશાળા-આંગણવાડીને બાકાત કેમ રખાઈ

મોડાસા, તા. ૬

ગુજરાત સરકાર દ્વારા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ-શિક્ષકો માટે હાજરી વિષે બાયોમેટ્રીક પદ્ધતિ દાખલ થતા હવે સમયસર આવી જવાનું અને સાંજે છૂટતી વખતે પણ ફિંગરપ્રિન્ટ લેવાની પદ્ધતિ હોવાથી નિયમિતતાના દર્શન થાય છે. જે ખરેખર ઉચિત તો છે જ, માત્ર પ્રાથમિક શાળામાં આ યોજના અમલમાં મુકી છે તો પછી માધ્યમિક શાળા અને વળી હાજરી ઓછી ધરાવતા હોય તેવી આશ્રમશાળાઓ અને સૌથી ઓછી હાજરીવાળી અને અનિયમિત ચાલતી આંગણવાડીઓ ગમે ત્યારે ખુલે અને ગમે ત્યારે બંધ થાય તેવી આંગણવાડીઓમાં પણ બાયોમેટ્રીક પદ્ધતિ અપનાવવામાં તંત્રને વાંધો ક્યાં છે ? આ યોજનાથી ભ્રષ્ટાચાર ઓછો થશે ? નિયમિતતા વધશે. સરકારમાં ખર્ચાઓ ઓછા થશે અને ખોટી હાજરીના કારણે થતો ભ્રષ્ટાચાર કાબુમાં આવશે ? પણ આવુ અમલમાં મુકવામાં આવતુ નથી. ઘણી બધી યોજનાઓમાં કે નિરીક્ષણ કરનાર અધિકારીઓ અગાઉથી સૂચના મોકલીને તપાસ માટે આવે છે પરંતુ સરપ્રાઈઝ ચેકીંગ થાય તો આંગણવાડીઓ તો ટપોટપ બંધ થઈ જાય કારણ કે બાળકોને લાવવામાં આવતા નથી. લાવે તો નાસ્તો ખાઈ જાય - વપરાઈ જાય જેથી ગેરહાજર બાળકોને તો કદિ આંગણવાડીનાં દર્શન કરાવાતા જ નથી. ખોટી હાજરીના કારણે જે તે નાસ્તો કોણ લઈ જતુ હશે તે સવાલ ઉભો થાય છે. મતલબ કે નિરીક્ષણના અભાવે આંગણવાડીઓમાં સૌથી મોટો ભ્રષ્ટાચાર ઉભો થયો છે. તપાસ કરવા તંત્ર સમયસર પહોંચશે ખરૂ ?

## હરસોલમાં તાજશાહ બાવાનો ઊર્સ મુબારક ઉજવાશે




તલોદ તાલુકાના હરસોલ ગામે ૮મી ડિસેમ્બરના રોજ રાત્રિ દરમિયાન તાજશાહ બાવાપીર દરગાહમાં શંદલ શરીફનો કાર્યક્રમ યોજાશે અને ૯મીએ ઉર્સની ઉજવણી કરવામાં આવશે.

આ શંદલ શરીફ કાર્યક્રમમાં મશહૂર કવ્વાલ ચાંદ કાદરી અને ગીરી ઝેળા ઉપસ્થિત રહી અનેક કવ્વાલીઓ રજૂ કરશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સુન્ની યંગ કમિટિના પ્રમુખ લીયાકત પરમાર, ઈમતીયાજ પરમાર સહિતની યુવા ટીમ ભારે જહેમત ઉઠાવી રહી છે. (તસવીર : અશષ ત્રિવેદી)

# મેઘરજના તમામ રસ્તાઓ બાવળીયાથી ઢંકાઈ ગયા

## ગેડ રેલ્લાવાડા રસ્તો બિસ્માર : સ્ટેટનો હાઈ-વે ભંગાર બન્યો

મોડાસા, તા. ૬

મેઘરજ તાલુકાની જનતાને આજે પણ રસ્તાઓની સમસ્યાથી કંટાળો અનુભવવો પડે છે. રસ્તાઓનું સમારકામ થતુ નથી. પેવર રોડ થતા નથી.

મેઘરજ તાલુકાના ગેડ ગામથી બારી છાપરાં ખાટકીના ઘર પાસેનો નદીવાળો રસ્તો જનતાની અવરજવર માટે છે પરંતુ બાવળીયાથી ઢંકાઈ ગયો છે અને નદીમાંથી રેલ્લાવાડા હાઈસ્કૂલ જવા પોસ્ટ ઓફિસવાળઓ રસ્તો પણ બાવળીયા નમી ગયા હોવાથી હાથેથી બાવળીયા ઉંચા કરીને નીકળવુ પડે છે. અહીં બાવળીયાવાળો રસ્તો ઘણી વખતે આવજા કરનાર વિદ્યાર્થીઓ માટે ભયજનક બન્યો છે. આ રસ્તાઓ એન.આર.જી.માં બન્યા ખરા પણ બાવળીયા તો હજુ જીવતા છે જે દૂર કરવાની જરૂર છે.

ગેડ ગામથી તરકવાડા ચોકડી સ્ટેટનો રસ્તો ઘણા વર્ષ પહેલાં બનાવેલો જે એકજ ચોમાસા પછી તુટી ગયો અને આજે સાઈડમાં ૧ ફૂટના ખાડા છે. પથ્થરો પગે વાગે છે. વાહનો દિવસે ઉથલી પડે છે ત્યારે સરકારી ગ્રાન્ટો આ રસ્તા માટે કેમ વાપરવામાં આવતી નથી.

આ વિસ્તારમાં હમણાં હમણાં સલામતી સપ્તાહ ઉજવણીમાં વાહનોવાળાના લાયસન્સ-હેલ્મેટ વગેરેની જોરદાર ચકાસણી કરી જનતા-વાહનોવાળાના જીવન વિષે જાણકારી આપી દંડ વસુલ કરવામાં આવ્યો. આવુ જ કાયમી ધોરણે ચાલે તો લાયસન્સ આવી જાય. હેલેમેટ વાપરે. નાના ભુલકાઓ વાહનો ચલાવતા બંધ થાય અને જીવન જોખમમાં ન મુકાય. પરંતુ જેમના હપ્તા નિયમિત લેવાય છે તેવી રીક્ષા અને જીપવાળઆ ૫૦-૬૦ મુસાફરો લઈને જાય છે તેમને છૂટ કેમ તેવુ જનતામાં પુછાય છે. નિયમ-કાયદો દરેકના માટે સરખો છે ત્યારે આવો ભેદભાવ કેમ? આ અંગે યોગ્ય થશે ખરૂ ?

# હોમગાર્ડઝ સ્થાપના દિને ડીસા ખાતે સેરેમોનિયમ પરેડ યોજાઈ



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૬

હોમગાર્ડઝ સ્થાપના દિનની ઉજવણીના ભાગરૂપે હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસા દ્વારા સ્વચ્છતા અભિયાન તેમજ રૂટ માર્ચ અને સેરેમોનિયમ પરેડ યોજવામાં આવી હતી.

પોલીસ સાથે ખભે ખભા મિલાવી રાત્રી ફરજ, ટ્રાફિક ફરજ, ચૂંટણી બંદોબસ્ત સહિત કાયદો અને વ્યવસ્થાની ફરજ બજાવતા હોમગાર્ડઝ દળની સ્થાપના ૬ ડિસેમ્બરના રોજ થઈ હતી. જેથી દર વર્ષ ૬ ડિસેમ્બરે હોમગાર્ડઝ સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસાના ઓફીસર કમાન્ડીંગ એ.એફ.આલ.ની આગેવાનીમાં હોમગાડ્ઝના જવાનોએ શહેરમાં રૂટમાર્ચ યોજી હતી. ત્યાર બાદ સેરેમોનિયમ પરેડ અને સફાઈ અભિયાન હાથ ધર્યુ હતુ. હોમગાર્ડઝના જવાનોએ 'સ્વચ્છ ભારત-સ્વસ્થ ભારત'ના અભિયાનને સાર્થક બનાવવા સંકલ્પ લીધો હતો.

હોમગાર્ડઝ સ્થાપના દિનની ઉજવણીમાં ઓફીસર કમાન્ડીંગ એ.એફ. આલ પ્લાટુન સાર્જન્ટ બી.વી. ભોંકુ (ક્લાર્ક), આસીસ્ટન્ટ સેકશન લીડર બી.ડી. દેસાઈ, એ.બી. સાધુ, જી.આર. બારોટ, બી.ઓ. દેસાઈ સહિત હોમગાર્ડઝ જવાનો ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પશવાદળ શક્યમ્બિકા માતાજીના પ્રાંગણમાં આજે યોજાયેલ એક કાર્યક્રમમાં રાજ્યસભાના સાંસદ દિલીપભાઈ પંડ્યાએ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના નવ નિયુક્ત ડાયરેક્ટર અને બનાસકાંઠા વરિષ્ઠ અગ્રણી ગણપતભાઈ જોષીને સન્માનિત કરી અભિનંદન પાઠવ્યા હતા.

# પ્રાંતિજમાં કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા. ૬

સાબરકાંઠા જિલ્લા કાનૂનિ સેવા સત્તા મંડળ, હિંમતનગર, માર્ગદર્શન મુજબ અને તાલુકા કાનૂનિ સેવા સમિતિ, પ્રાંતિજના ઉપક્રમે રાષ્ટ્રીય લોક અદાલતના ભાગરૂપે પ્રાંતિજના નાળીયા સ્લમ વિસ્તાર ખાતે શનિવારના રોજ કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ ગઈ.

આ શિબિર યોજવા અંગેનું માર્ગદર્શન તાલુકા કાનૂનિ સેવા સમિતિ, પ્રાંતિજના અધ્યક્ષ અને સીવીલ કોર્ટના જજ કુ. એસ.વી. પઠાણનું મળેલ હતુ.

આ શિબિર દરમ્યાન પ્રાંતિજના અગ્રણી એડવોકેટો એસ.ડી. પંડ્યા, કે.એ. રોહિત અને ડી.એ. દરબાર હાજર રહીને મહિલાઓ અને બાળકોના કાયદાઓ વિશેની વિસ્તૃતમાં સમજુતી આપેલ હતી.

ગ્રાહક હિત સુરક્ષા મંડળના પ્રમુખ અને પેરાલીગલ વોલન્ટીયર તથા સામાજીક કાર્યકર નટુભાઈ બારોટ દ્વારા સરકારની વિવિધ યોજનાઓ તથા તેનો લાભ લેવા માટેની વિગતોની જાણકારી આપેલ હતી.

શિબિરનું મહત્વ અને મફત કાનૂની સેવા શું છે તે કોને મળે તે અંગેની વિસ્તૃત સમજ તાલુકા કાનુન સેવા સમિતિ, પ્રાંતિજના સેક્રેટરી પી.આર. મોદીએ માહિતી આપેલ હતી.

સમગ્ર શીબીરનું સફળ સંચાલન ગ્રાહક હિત સુરક્ષા મંડળના કાર્યકરો દર્શના વસાવા, રવિના પટેલ, દિવ્યેશા વળવી, સુરંદા વસાવા અને કુમલી વસાવા દ્વારા કરવામાં આવેલ હતું.

# સાંસદ દિલીપભાઈ પંડ્યાએ વડગામ તાલુકાનું પસવાદળ ગામ દત્તક લીધું



પાલનપુર, તા.૬

સાંસદ આદર્શ ગ્રામ યોજના અંતર્ગત રાજયસભાના સભ્યશ્રી દિલીપભાઈ પંડયાએ બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના પસવાદળ ગામને આદર્શ ગામ બનાવવા માટે દત્તક લીધુ છે. પસવાદળ ગામને શહેરના જેવી તમામ આધુનિક સુવિધાઓ મળી રહે અને પસવાદળ ગામનો ખુબ ઝડપથી અને સર્વાંગી વિકાસ થાય તે માટે રાજયસભાના સભ્યશ્રીએ આ ગામને દત્તક લીધુ છે.

આ -સંગે રાજયસભાના સભ્યશ્રી દિલીપભાઈ પંડયાએ જણાવ્યુ હતુ કે સાંસદ આદર્શ ગ્રામ યોજના અંતર્ગત દેશના સંસદસભ્યો પોતાના મતવિસ્તારના ગામો દત્તક લે અને તે ગામોનો ઝડપથી વિકાસ થાય તે માટે કેન્દ્ર સરકારશ્રી દ્વારા વિરાટ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. પરિણામે ગ્રામ્ય વિસ્તારો તમામ સુવિધાઓથી સજ્જ બનશે અને વિકાસકૂચને ઝડપી વેગ મળશે.

તેમણે કહ્યુ કે વિકાસ અને સર્વત્ર સુખાકારી માટે આપણે સૌ સક્રિય અને સંકલ્પબધ્ધ બની વડા-ધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સપનાનું સમૃધ્ધ, શકિતશાળી અને મહાન રાષ્ટ્રનું નિર્માણ કરીએ. તેમણે કહયું કે વડા -ધાનશ્રી મોદીના નેતૃત્વમાં ભારત સમગ્ર વિશ્વમાં આદર્શ,સમૃધ્ધ અને મહાન શક્તિશાળી દેશ બનશે. તેમણે કહ્યુ કે ગામ લોકોના સાથ અને સહકારથી પસવાદળ ગામને સ્વચ્છ , સુંદર અને નિરોગી ગામ બનાવવામાં આવશે. સાંસદશ્રી પંડયાએ કહયું કે ગામમાં શું જરૂરીયાત છે, કેવી રીતે ઝડપથી અને સર્વાંગી વિકાસ કરી શકાય તેની ગ્રામજનોને ખબર હોય છે.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
AGL Radhe
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧